Jefferson Health®

---

શ્રેણી: નાણાકીય

શીર્ષક: વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ પોલિસી

પ્રયોજયતા: એબિંગ્ટન હોસ્પિટલ, એબિંગ્ટન-લેંડ્સડેલ હોસ્પિટલ, જેફરસન બકસ હોસ્પિટલ, જેફરસન ચેરી હિલ હોસ્પિટલ, જેફર્સઓન ફ્રેન્કફોર્ડ હોસ્પિટલ, જેફરસન હોસ્પિટલ ફોર ન્યૂરોસાયન્સ, જેફરસન મેથોડિસ્ટ હોસ્પિટલ, જેફરસન સ્ટ્રાટફોર્ડ હોસ્પિટલ, જેફરસન ટોરેસડેલ હોસ્પિટલ, જેફરસન વોશિંગ્ટન ટાઉનશિપ હોસ્પિટલ, મેગી રેહેબિલિટેશન હોસ્પિટલ, થોમસ જેફરસન યુનિવર્સિટી હોસ્પિટલ્સ, આઇએનસી.

પોલિસી સંખ્યા:127.55

લીધેલી તારીખ: જુલાઇ 1, 2019
અમલી તારીખ: ઓક્ટોબર 1, 2019

---

## વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ પોલિસી

### I. <u>હેતુ:</u>

આ વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ પોલિસી ("પોલિસી")નો હેતુ જે દર્દીઓ પાસે વીમો નથી અથવા જેફરસન હેલ્થની હોસ્પિટલ સુવિધાઓ અંતર્ગત આકસ્મિકતા અને અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય કાળજી સેવાઓ મેળવે છે તેવા દર્દીઓને ઓફર કરતાં ડિસ્કાઉંટ માટે યોગ્યતા માપદંડ નક્કી કરવાનો છે.

### II. <u>પોલિસી:</u>

જેફરસન હેલ્થ જેની પાસે વીમો ન હોય, અથવા અમુક કિસ્સાઓમાં, વીમો હોય પરંતુ અમુક ચોક્કસ આકસ્મિકતા અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય કાળજી સેવાઓ માટે વીમા રક્ષણ રહિત હોય તેવા વ્યક્તિઓને યોગ્ય ડિસ્કાઉંટ સતત પૂરું પાડવા માટે કટિબદ્ધ છે. આ પોલિસી વીમા-રહિત/સ્વ-ચુકવણી દર્દી ડિસ્કાઉંટ માટે માર્ગદર્શિકાઓ નક્કી કરે છે.

### III. <u>કાર્યક્ષેત્ર:</u>

આ પોલિસી જેફરસન હેલ્થના પ્રાથમિક સેવા વિસ્તારમાં રહેતા હોય એવા દર્દીઓને લાગુ પડે છે. વિવિધ સ્થળોએ આરોગ્ય કાળજી પ્રદાતા હોવાથી જેફરસન હેલ્થ મુખ્યત્વે પેન્સેલ્વેનિયા, ન્યુ જર્સી અને ડેલાવેરના રહીશોને સેવાઓ આપે છે.

આ ડિસ્કાઉંટ માત્ર આકસ્મિકતા અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય કાળજી સેવાઓ માટે જ ઉપલબ્ધ છે. જેફરસન હેલ્થ દ્વારા આપવામાં આવતી અમુક ચોક્કસ પ્રકારની સેવાઓ જે તબીબી રીતે જરૂરી નથી માનવામાં આવતી (જેવી કે વૈકલ્પિક કોસ્મેટિક શસ્ત્રક્રિયા) તેમને કોઈ પણ જાતના વધારાના ડિસ્કાઉંટ વિના પેકેજ દરોની કિંમતે નિર્ધારિત કરવામાં આવ્યા છે, અને આવી સેવાઓ સાથે સબંધિત તમામ ચૂકવણીઓ સેવા લેતા પહેલા અથવા સેવા લેતી વખતે કરવાની છે.

વધુમાં, જેફરસન હેલ્થ હોસ્પિટલ સુવિધાઓ દ્વારા આપવામાં આવતી આકસ્મિક અને અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ હોસ્પિટલ સુવિધા દ્વારા, તેના દ્વારા નિયુક્ત કરાયેલા ચિકિત્સકો દ્વારા અથવા સ્વતંત્ર પ્રદાતાઓ દ્વારા આપવામાં આવી શકે. બિન-નિયુક્ત ચિકિત્સકો દ્વારા અને સ્વતંત્ર પ્રદાતાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ આ એફએપી હેઠળ આવરવામાં ન પણ આવી શકે. જેફરસન હેલ્થ તેના પ્રદાતાઓની યાદી આ એફએપીથી અલગ એક દસ્તાવેજમાં જાળવે છે. કૃપા કરીને સંસ્થાના પ્રદાતાઓની યાદી માટે એ થી એલ સુધીનાં કોષ્ઠકો જુઓ જે સમાવિષ્ટ કરે છે એવા પ્રદાતાઓ જે આકસ્મિકતા અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય કાળજી સુવિધાઓ જેફરસન હેલ્થ હોસ્પિટલ સુવિધાની અંદર આપે છે. પ્રદાતા નોંધ નક્કી કરે છે કે કયા પ્રદાતાઓ આ એફએપી હેઠળ આવરવામાં આવેલા છે અને કયા આવરવામાં આવેલા નથી. યાદી દરેક હોસ્પિટલ સુવિધાઓની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. વધુમાં, પ્રદાતા યાદી કોઈ પણ ચાર્જ વગર, વિનંતી કરવા પર, દરેક જેફરસન હેલ્થ હોસ્પિટલ સુવિધાની અંદર દર્દી નોંધણી સ્થળોએ મફતમાં ઉપલબ્ધ છે. જો જરૂર જણાય તો પ્રદાતાની યાદીની દર ત્રણ મહિને સમીક્ષા કરવામાં આવશે અને તેને અપડેટ કરવામાં આવશે.

## IV. <u>વીમા-રહિત દર્દી લાયકાત માપદંડ:</u>

જેફરસન હેલ્થ વીમા-રહિત/સ્વ-ચુકવણી દર્દી ડિસ્કાઉંટ એવા વ્યક્તિઓને આપશે જે નીચે દર્શાવ્યા પ્રમાણે વીમા-રહિત અથવા સ્વ-ચુકવણીની વ્યાખ્યાને સુસંગત હોય:

વીમા-રહિત: એવા દર્દીઓ જે તેમની ચુકવણીની જવાબદારીઓ પહોંચી વળવા આરોગ્ય વીમો અથવા ત્રાહિત પક્ષ સહાય ન ધરાવતા હોય.

સ્વ-ચુકવણી: એવા દર્દીઓ જેમના વીમાના લાભો પૂરા થઈ ગયા હોય અને/અથવા દર્દી ત્રાહિત-પક્ષ રક્ષણ ધરાવતો હોય પરંતુ ત્રાહિત-પક્ષ ચુકવણીકારે કાં તો રક્ષણનો અસ્વીકાર કર્યો હોય અથવા દર્દી જે સારવાર ઇચ્છતો હોય તે માટે ચોક્કસ આરોગ્ય કાળજી સેવાઓ માટે રક્ષણ પ્રદાન કરતા હોય નહીં.

એવો દર્દી જે ત્રાહિત-પક્ષ રક્ષણ ધરાવતો હોય અને વીમા-રહિત/સ્વ-ચુકવણી દર્દી ડિસ્કાઉંટ માટે અરજી કરી રહ્યો હોય તે જેફરસન હેલ્થ દ્વારા વિનંતી કરવામાં આવેલી આવા વીમા રક્ષણની માહિતી પૂરી પાડશે જેથી કરીને નિર્ણય કરવામાં આવી શકે.

જેફરસન હેલ્થ દર્દીઓએ ફરજિયાતપણે આ પોલિસી હેઠળ માહિતી એકત્રીકરણ પ્રક્રિયામાં સહકાર આપવો પડશે, અને જો આવુ કરવામાં નિષ્ફળ જશે તો જેફરસન હેલ્થની સક્ષમતાથી વીમા-રહિત/સ્વ-ચુકવણી દર્દી ડિસ્કાઉંટ પર અસર પડી શકે.

## V. <u>પ્રક્રિયાઓ:</u>

આ પોલિસી હેઠળ ડિસ્કાઉંટ માટે મૂલ્યાંકન કરવામાં આવતા પહેલા, અરજદારોની સંભવિત પાત્રતા માટે અને કોઈ ત્રાહિત-પક્ષ વીમા લાભો માટે અથવા તબીબી સહાય પ્રોગ્રામો જે તેમનું હોસ્પિટલ બિલ ચૂકવી શકે તેમ હોય, તે નક્કી કરવા અરજદારોનું મૂલ્યાંકન કરવામાં આવશે.

જેફરસન હેલ્થ પ્રથમ દર્દીને તેઓ સરકાર-પ્રાયોજિત પ્રોગ્રામો અથવા અન્ય વીમા રક્ષણ માટે લાયક છે કે નહીં તે નક્કી કરવા સહાય કરશે. કોઈ બાહ્ય સંસ્થાને પણ વ્યાવહારિક રાજ્ય તબીબી સહાય પ્રોગ્રામ અરજી પ્રક્રિયામાં સહાય માટે નિયુક્ત કરી શકાશે, જેમાં તમામ જરૂરી સમર્થક દસ્તાવેજો મેળવવા માટે દર્દીના ઘરે જઇને મુલાકાત કરવા સહિત પ્રક્રિયાનો સમાવેશ થાય છે. સાર્વજનિક રીતે પ્રાયોજિત વીમા પ્રોગ્રામમાં દર્દીને નોંધણીમાં સહાય કરવા જેફરસન હેલ્થ દ્વારા તમામ નાણાકીય અને અન્ય જરૂરી માહિતી પ્રસ્તુત કરવા માટે કહેવામા આવશે. એવા દર્દીઓ જે આવા પ્રોગ્રામોમાં અરજી કરવામાં સહકાર નહીં આપે તેમનું વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ સ્થગિત કરવામાં આવી શકે.
જો કોઈ દર્દી કોઈ પણ સરકાર પ્રાયોજિત પ્રોગ્રામો માટે લાયક નહીં હોય તો તેઓને વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ આપવામાં આવશે. જો દર્દી વધુ ઉદાર સહાય માટે યોગ્ય ઠરશે તો તે જેફરસન હેલ્થ નાણાકીય સહાય પોલિસી અનુસાર નાણાકીય સહાય માટે અરજી કરી શકશે. જો કોઈ દર્દી કંપેશનેટ કેર માટેના માપદંડોને પહોંચી વળશે તો વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ લાગુ નહીં પડે અને તે દર્દીના ખાતા માંથી ઉલટાવવામાં આવશે.

## VI. <u>ડિસ્કાઉંટ:</u>

જેફરસન હેલ્થ વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટ એવા વીમા-રહિત/સ્વ-ચુકવણી દર્દીઓ માટે ઉપલબ્ધ છે જે ઉપર દર્શાવેલા માપદંડને પહોંચી વળવા સક્ષમ છે. આ પોલિસી હેઠળ, યોગ્ય દર્દી પાસેથી મેડિકેર ફી પત્રકના 115%થી વધુ ન હોય તેવી રકમ વસૂલવામાં આવશે.
નોંધ: આ વીમા-રહિત બિલિંગ મર્યાદાઓ ન્યુ જર્સી ધારાધોરણો દ્વારા નારૂરી NJ P.L.2008 c60 અનુસાર છે.

## VII. <u>વ્યાપકપણે પ્રસિદ્ધ કરવાની પદ્ધતિ:</u>

આ પોલિસીને અમારા સમુદાય અને દર્દીઓ માટે પ્રસિદ્ધ કરવા નીચે દર્શાવેલા ઉપાયો કરવામાં આવે છે. પત્ર વ્યવહાર મૈત્રીપૂર્ણ-ગ્રાહક શૈલીમાં લખવામાં આવશે અને એવી ભાષાઓનો ઉપયોગ કરવામાં આવશે જે દર્દીઓ સમજી શકે. જેફરસન હેલ્થ યોગ્ય વહીવટી અને તબીબી સ્ટાફને તાલીમ પૂરી પાડે છે જે નાણાકીય સહાય ઉપલબ્ધતા વિશે દર્દીઓ સાથે સંપર્કમાં રહે છે, અને દર્દીને તે સહાયની ઉપલબ્ધતા કેવી રીતે કરાવવી અને દર્દીઓએ સહાય માટે યોગ્ય નાણાકીય સલાહકારોનો કેવી રીતે સંપર્ક કરવો તે વિશે દોરવણી આપે છે.
આ પોલિસીની પેપર નકલો, વિનંતી કરવા પર, મેઈલ દ્વારા વિના મૂલ્યે ઉપલબ્ધ છે અને તે જેફરસન હેલ્થ હોસ્પિટલ સુવિધાઓ થકી વિવિધ વિસ્તારો અંતર્ગત ઉપલબ્ધ છે. આમાં આકસ્મિકતા માટેના રૂમો અને દર્દી નોંધણી/પ્રવેશ વિસ્તારોનો સમાવેશ થાય છે, પરતું તેનાથી મર્યાદિત નથી.
વીમા-રહિત/સ્વ-ચુકવણી ડિસ્કાઉંટની ઉપલબ્ધતા વિશે દર્દીને માહિતગાર કરતાં ચિહ્નો અને પ્રદર્શનો સ્પષ્ટપણે આકસ્મિકતા રૂમો અને દર્દી નોંધણી/પ્રવેશ વિસ્તારો સહિત સાર્વજનિક સ્થળો પર મૂકવામાં આવશે.